જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૫/૨૦૧૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-   સમાચાર યાદી નં.૧૦૦૫/૧૬

ચકચારી ચેતન બેટરી મર્ડર કેસમા આજીવન કેદની સજા કાપી રહેલ ફર્લો ઝંપ વિશાલ નાયક ક્રાઇમબ્રાંચ તથા એ.ટી.એસ.ના સંયુકત ઓપરેશન થકી મુંબઇથી ઝડપાયો.

સને 2002 મા નારણપુરા પો સ્ટેશન હદમા ખુનના ગુનામા જેલમા ગયેલા અને સાબરમતી જેલમા જેલવાસ દરમ્યાન સને 2005 મા ચેતન બેટરી નુ મર્ડર કરેલુ. જે કેસમા આજીવન કેદની સજા પડેલી. ગુજરાતની અલગ અલગ જેલોમા રહી છેલ્લે લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતેથી મે/2015 મા ફર્લો રજા પર નીકળેલો અને ફરીથી હાજર ન થઇ નાસતો ફરતો હતો. છેલ્લા એક વર્ષથી પોલીસ ધરપકડ ટાળતા વિશાલ વિષ્ણુભાઇ નાયક ને પકડવા સારુ એ.ટી.એસ. એસ.પી. શ્રી હિમાંશુ શુક્લા તથા ડી.સી.પી. ક્રાઇમ શ્રી દીપન ભદ્રન નાઓના માર્ગદર્શન હેઠળ એક સંયુકત ટીમ બનાવેલ. જેમા બી.પી.રોજીયા, પો.ઇન્સ., એ.ટી.એસ. તેમજ ક્રાઇમબ્રાંચના પો.સબ.ઇન્સ, શ્રી કે.જી.ચૌધરી, શ્રી જે.એન. ઝાલા, શ્રી વી.કે.ખાંટ,  શ્રી કે.આઇ.જાડેજા, તથા એ.ટી.એસ. પો.સબ.ઇન્સ. શ્રીચેતન જાદવ નાઓ પોતાના સ્ટાફના માણસો સાથે ખાનગી બાતમીદારો તેમજ ટેકનીકલ સર્વેલન્સ આધારે કાર્યરત હતા. દરમ્યાન ક્રાઇમબ્રાંચના હેડ.કોન્સ.મહાવીરસિંહ બળવંતસિંહ તથા પો.કોન્સ.અજયરાજસિંહ જશુભા નાઓની સંયુક્ત ચોક્કસ બાતમી આધારે પો.સબ.ઇન્સ.શ્રી કે.જી.ચૌધરી, શ્રી કે.આઇ.જાડેજા, તથા પો.સબ.ઇન્સ.ચેતન જાદવ, એ.ટી.એસ. તથા ઉપરોકત બન્ને સ્ટાફના માણસો સાથે જઇ મુંબઇ ગોરેગાવ ઇસ્ટ શ્રી ઉમીયામાતાજી ધામ પટેલ યાત્રી ભવન ખાતેથી પકડી પાડવામા આવેલ છે.

આરોપી ગયા વર્ષે મે માસમા ફર્લો રજા મેળવ્યા બાદ સાણંદ ખાતે પોતાના એક મિત્રના ફલેટમા બે એક માસ જેટલો રોકાયેલો ત્યારબાદ બ્રોકર મારફતે વંદેમાતરમ, ગોતા, એ/૧૦૦૨, સેવી સ્વરાજ ખાતે ખોટા નામે ભાડાખત બનાવી ભાડેથી ફલેટ રાખી રહેતો હતો તેમજ પોતાની ઓળખ છુપાવવા સારુ જ્યારે પણ બહાર નીકળે ત્યારે ફલેટમાંથી જ હેલ્મેટ પહેરીને બહાર નીકળતો પોલીસની કાર્યપધ્ધતીથી જાણકાર આ અઠંગ ગુનેગાર પોતે પોતાનો મોબાઇલ ફોન ઉપયોગ કરવાનુ હંમેશા ટાળતો. તેમજ પોલીસ પકડથી બચવા સારુ પોતાની પાસે હંમેશા ચીલી સ્પ્રે રાખતો હતો જ્યારે પણ પોલીસ પકડવા આવે ત્યારે તેના ઉપર ચીલી સ્પ્રે છાટી ભાગી જવાનુ નક્કી કરી રાખેલ હતુ.

પોતાના જેલવાસ દરમ્યાન મળેલા એક મિત્ર મારફતે જાણેલુ કે આખા ભારતમા અલગ અલગ જ્ગ્યાએ પટેલ સમાજની વાડીઓ આવેલી છે જ્યા નજીવા ભાડામા રહેવાની અને જમવાની વ્યવસ્થા હોય છે પરંતુ ત્યા ફકત પટેલ જ્ઞાતી ના લોકોને જ રહેવા માટે આપવામા આવે છે જેથી પોતાનો ફોટો લગાવી પટેલ અમિતકુમાર રશિકભાઇ રહે, દલવાડા, પાલનપુર નુ ફેક આધાર કાર્ડ બનાવેલુ. જે આધારે અમદાવાદ બહાર જ્યારે પણ રોકાવાનુ થાય ત્યારે પટેલવાડી માંજ રોકાતો હતો. શરુઆતમા આ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ડુપ્લીકેટ આધારકાર્ડ ના આધારે પોતાના તમામ નવા ડોક્યુમેન્ટ બનાવવાનુ નક્કી કરેલુ પરંતુ બીજા ડોક્યુમેન્ટ બનાવવામાં તકલીફ પડતી હોવાથી બીજા કોઇ નામે ડોક્યુમેન્ટ બનાવવાનુ નક્કી કરેલ અને કડી ખાતે રહેતા પોતાના જીજાજી હેમંતકુમાર જીતેન્દ્રભાઇ નાયક ના દસ્તાવેજો મેળવી તેના આધારે એકલવ્ય જીતેન્દ્ર નાયક રહે, ૧૧, અયોધ્યાનગરસોસાયટી, નાની કડી, મહેસાણા નામે એકપછી એક એમ આધારકાર્ડ, ચુટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ તેમજ રિઝીયોનલ પાસપોર્ટ ઓફિસ અમદાવાદ થી કડીના સરનામે N 8524289 નંબરથી આ પાસપોર્ટ પણ બનાવેલો. જે પાસપોર્ટ આધારે એકવાર અમેરિકા ના વિઝા માટે એપ્લાય કરેલુ પરંતુ વિઝા મળેલ નહિ. આરોપીએ પાસપોર્ટ બનાવ્યા પહેલા બે નંબરમા વિદેશ ભાગી જવાનો પ્રયત્ન કરેલો અને તે સારુ એક વાર દિલ્હી જઇ એજંટોને મળેલો પરંતુ કોઇ સફળતા મળેલ નહિ.

આરોપી સાથે મળી આવેલ આ તમામ દસ્તાવેજો કબજે લઇ આરોપી વિરુધ્ધમા ઇ.પી.કો.કલમ ૪૧૯,૪૬૫,૪૬૭,૪૬૮,૪૭૧ તથા પાસપોર્ટ એકટ કલમ ૧૨(૧), (બી) મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ પો.સબ.ઇન્સ. શ્રી સી.બી.ચૌધરી નાઓ કરી રહેલ છે.

## ગુન્હાહિત ઇતિહાસ

આરોપી અગાઉ સને 1998 મા નવરંગપુરા પો સ્ટેશનમા એટ્રોશીટીના ગુનામા ત્યારબાદ સને 2002 મા જાન્યુમા નારણપુરામા ધર્મેન્દ્ર દિપકભાઇ ઠક્કરનાખુન કેસમા પકડાયેલ ત્યારબાદ સને 2005 મા સાબરમતી સેન્ટ્રલ જેલમા પણ પોતે કેદીઓ ઉપર પોતાનો અધિકાર જમાવતો હતો અને જેલવાસ દરમ્યાન તેનો સંપર્ક ગોવા રબારી સાથે થયેલ અને જેલમા જ કેદીઓ પાસેથી ડરાવી ધમકાવી ઉઘરાણી કરતો હતો આ દરમ્યાન ચેતન શંકરલાલ પટેલ @ ચેતન બેટરી નામના પાકા કામના કેદી સાથે દુશ્મનાવટ થતા ગોવા રબારી અને તેના સાગરોતો સાથે મળી આ ચેતન બેટરીનુ સાબરમતી સેન્ટ્રલ જેલમાં જ ખુબજ ક્રુરતાથી ખુન કરેલુ આ ગુનામા પણ આરોપી વિશાલ વિષ્ણુભાઇ નાયકને આજીવન કેદની સજા થયેલ છે પોતે બી.કોમ.સુધીનો અભ્યાસ કરેલ છે અને ખુબજ શાતીર દીમાંગ ધરાવતો હોય પોતે જેલમાંથી પોતાના સાગરિતો મારફતે હપ્તાખોરી તથા ખંડણી ઉઘરાવવાનુ કામ કરતો હતો.અને મે/2015 મા તેની ફર્લો મંજુર થતા તે ફર્લો ઉપર છુટયાબાદ સેન્ટ્રલ જેલ ખાતે હાજર થયેલ નહી અને નાસતો ફરતો હતો આ દરમ્યાન તે વેપારીઓને તથા સામાન્ય નાગરીકોને ડરાવી ધમકાવી હપ્તા વસુલી કરતો હતો તેમજ વ્યાજે રુપિયા ફેરવતો હતો મે/2015 મા તેણે નવરંગપુરા બી.એસ.એન.એલ. સરદારપટેલ કોમ્પલેક્ષ ખાતે રહેતા દેવાંગ જગદીશભાઇ પરીખ નામના વ્યક્તિપાસે વ્યાજે આપેલા રુપિયાની ઉઘરાણી કરવા બાબતે તેને તેના ઘરમા સતત બે દિવસ સુધી ઢોર માર મારેલો તથા ધમકીઓ આપેલી જે બાબતની નવરંગપુરા પો સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.78/15 ઇ.પી.કો.કલમ ૩૨૫, ૪૫૨, ૩૨૩ વિ મુજબની ફરીયાદ દાખલ થયેલ આ દેવાંગ પરીખ તા 02/06/15 ના રોજ પોતાના ઘરેથી ગુમ થઇ ગયેલો અને તા 16/06/15 ના રોજ તેની લાશ સાબરમતી નદીમાંથી મળેલી.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)